आ
આ ભૂમિ પર જળ, અન્ન અને સુંદર વિચારો - આ ત્રણ રત્નો છે.. પરંતુ મૂર્ખ લોકો પથ્થરના ટુકડાને (હીરાને) રત્ન તરીકે ઓળખે છે

- ઉપનિષદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૪૯ | ૮ ઓગસ્ટ, ૨૦૧૪, શુક્રવાર; શ્રાવણ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લા પંચાયતમાં કેસરીયો માહોલ

## હીના પટેલે વિધિવત જિલ્લા પંચાયત ભાજપ પક્ષના નેતા તરીકે હોદ્દો સંભાળ્યો : કોંગી આગેવાનો સાલિયાણા ઉઘરાવી ગ્રામીણ પ્રજા પર બોજ ઉભો કરતા હતા તેમાંથી પ્રજામુક્ત થઈ છે : હીના પટેલ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ૧૪ વર્ષના રાજકીય વનવાસ બાદ આજે ભાજપના મહિલા પ્રમુખ તરીકે શ્રીમતિ હીનાબેન હરેશભાઈ પટેલે પોતાનો કાર્યભાર શહેર જિલ્લા ભાજપના આગેવાનો અને સમર્થકોની હાજરીમાં 'ભારત માતા કી જય'ના નારા સાથે સંભાળ્યો હતો.

આજે જિલ્લા પંચાયતના પ્રાંગણમાં પ્રવેશ કરતાં પૂર્વે બધા જ સભ્યોને આવકાર-સત્કારનો વિધિવત્ કાર્યક્રમ શ્રી કમલમ્ સે. ૨૧ ખાતે યોજવામાં આવ્યો હતો. જ્યાં જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી શૈલેષ શાહ, પંચાયત પક્ષના નેતા શકુંતલાબેન પટેલ ધારાસભ્યો શ્રી અશોક પટેલ, શ્રી શંભુજી ઠાકોર, મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ આવકાર્યા હતા.

કેસરી ખેસ ધારણ કરી આજે બરાબર ૧૨.૧૦ કલાકે આ સભ્યો પંચાયતના પ્રાંગણમાં આવી પહોંચ્યા ત્યારે પંચાયતના પ્રાંગણમાં કેસરિયો માહોલ સર્જાયો હતો. અને ભારત માતા કી જયના નારા સાથે ગગન ગુંજી ઉઠ્યું હતું.

શ્રીમતિ હીના પટેલે વિજય મુહૂર્તમાં તેમનો ચાર્જ સંભાળ્યો ત્યારે ભાજપના આગેવાનોએ અંબાજી માતાનો પ્રસાદ તેમજ પેંડા વહેંચી મોં મીઠા કરાવ્યા હતા. આગેવાનોએ તમામ સભ્યોના મોં મીઠા કરાવ્યા બાદ કાર્યકરો અને આગેવાનો પણ સૌને એકબીજા સાથે હસ્તધૂનન કરી આવકાર આપતા હતા.

શ્રીમતિ હીના પટેલે ચાર્જ સંભાળ્યા બાદ ભાજપમાં જોડાયેલા ચેરમેનો શ્રી ગાંભુસિંહ ઠાકોર, શ્રીમતિ જ્યોત્સનાબેન પટેલ, શ્રી સદેસિંહ ઝાલાની ચેમ્બરમાં જઈ અભિનંદન પાઠવ્યા હતા તેમજ આ ચેરમેનોના મોં મીઠા કરાવ્યા હતા.

ભાજપના પ્રમુખ તરીકેનો ચાર્જ સંભાળ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં શ્રીમતિ હીના પટેલે બદલાયેલા સૂરોમાં કહ્યું હતું કે પંચાયતમાં કેટલાક કોંગ્રેસી મોવડીઓ દ્વારા ઉઘરાવવામાં આવતા સાલિયાણાથી પ્રજાલક્ષી વિકાસના કામો ઠપ થઈ ગયા હતા તેમાં હવે વેગ આવશે.

તેમણે જણાવ્યું હતું કે તેઓ કે તેમના સાથીઓ કોઈ લાલચ, લોભ-પ્રલોભન કે ટિકિટની ખાત્રી સાથે ભાજપમાં જોડાયા હોવાની વહેતી કરાયેલી વાતો સત્યથી વેગળી છે.

● અનુસંધાન પાન-૭ પર





(તસવીર : દિપક જાની)

## કલોલમાં ગંદા પાણીના નિકાલ કરી ખેતીને નુકશાન કરાશે તો પગલાં લેવાશે : કલેક્ટર

ગાંધીનગર, તા. ૭

કલોલ ઔદ્યોગિક વસાહતના ઉદ્યોગકારોને તેમનું ગંદુ અને પ્રદૂષિત પાણી ખેતરોમાં વહાવવાનું બંધ કરવાની કડક તાકીદ જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે કરતાં જણાવ્યું છે કે આ બાબતમાં જો ઝડપથી યોગ્ય કાર્યવાહી ઉદ્યોગગૃહો દ્વારા નહિ કરાય તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

ગઈકાલે કલોલ તાલુકાના સઈજ ગામના રહીશોની ફરિયાદને લઈ સઈજ પહોંચેલા જિલ્લા કલેક્ટરશ્રીએ ગામની મુલાકાત લીધી હતી. આ પછી જી.આઈ.ડી.સી.ના અધિકારીઓ તેમજ એસોસિએશનના હોદ્દેદારો સાથે પંચાયતના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં બેઠક કરી હતી.

તેમણે પ્રદૂષિત પાણીના નિકાલની હાલની ક્ષમતામાં વધારો કરવા માટે જી.આઈ.ડી.સી.ના અધિકારીઓને જણાવ્યું હતું. તેમણે ઉદ્યોગોના વિકાસની વાતનો સ્વીકાર કર્યો હતો પરંતુ તેના કારણે ખેતીને નુકશાન થાય તે ચલાવી શકાય નહિ તેમ જણાવ્યું હતું.

શ્રી રવિશંકરે જણાવ્યું હતું કે હાલની ક્ષમતા પાણીની નિકાલની ઓછી હોય તો ખેતીને નુકશાન થાય તે ચાલી શકે નહિ. તેમણે પી.પી.પી. મોડેલથી નવો ફિલ્ટર પ્લાન્ટ તૈયાર કરવા પણ સૂચવ્યું હતું.

આ બેઠકમાં પ્રાંત અધિકારી શ્રી કાલરિયા ઉપરાંત મામલતદારશ્રી સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ તેમજ જી.આઈ.ડી.સી. એસો.ના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.



ડાંગરના ધરુની રોપણી - સતત વરસાદને કારણે ડાંગરના ધરુની રોપણી માટેનો માહોલ સર્જાયો હતો. ડાંગરના ધરુની રોપણી માટેનો યોગ્ય સમય બુધવાર અને ગુરૂવારનો દિવસ હતો... ઝરમર-ઝરમર પડતો વરસાદ નાના-નાના પાણીના ખાબોચિયા અને ઘેરાયેલું આકાશ આવા વાતાવરણની વચ્ચે ગાંધીનગર - અમદાવાદની આસપાસના ખેતરોમાં ડાંગર-ધરુની રોપણીની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે...

## આજે સીએ ફાઈનલનું પરિણામ જાહેર કરાશે

અમદાવાદ, તા.૭

ધી ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા મે-જૂન ૨૦૧૪માં સીએ ફાઈનલની પરીક્ષા લેવામાં આવી હતી. સીએના વિદ્યાર્થીઓ માટે અતિ મહત્વની ગણવામાં આ પરીક્ષાનું પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવશે. જેમાં પ્રથમ બપોરે ૨:૦૦ વાગ્યે ઓનલાઈન પરિણામની જાહેરાત કરાશે ત્યારબાદ શહેરનાં સીએ ફાઈનલના પરિણામની જાહેરાત સાંજે ૪:૦૦ કલાકે કરવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ દેશમાં સૌથી પ્રતિષ્ઠિત ગણાતા સીએના અભ્યાસક્રમની ફાઈનલ પરીક્ષા ધી ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા મે-જૂન ૨૦૧૪માં લેવામાં આવી હતી. આ પરીક્ષાનું પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવનાર હોઈ વિદ્યાર્થીઓમાં ઉત્તેજના વ્યાપી ગઈ છે.

## મુખ્યમંત્રી આજથી બે દિવસના દિલ્હી પ્રવાસે

અમદાવાદ, તા.૭

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આવતીકાલ શુક્રવાર તા. ૮ ઓગસ્ટથી બે દિવસ માટે દિલ્હીના પ્રવાસે જશે. આનંદીબેન તેમના પ્રવાસના પ્રથમ દિવસે શુક્રવાર સાંજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત બેઠક યોજશે. દિવસ દરમિયાન મુખ્યમંત્રી કેન્દ્રીય પેટ્રોલીયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, માનવ સંસાધન વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાની તથા આરોગ્ય મંત્રી હર્ષવર્ધન ઉર્જા મંત્રી પિયુષ ગોયલ તેમજ શહેરી વિકાસ મંત્રી વૈંકેયા નાયડુ અને રેલ્વે મંત્રી સદાનંદ ગૌડાની મુલાકાત કરવાના છે. મુખ્યમંત્રી નવી દિલ્હીમાં ગુજરાત ભવન ખાતે આયોજિત ગુજરાતના નવનિર્વાચીત સાંસદોના સ્નેહમિલનમાં પણ ઉપસ્થિત રહેશે.

## ઐતિહાસિક પાટણમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

અમદાવાદ, તા.૭

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ભારતના ૬૮માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના રાજ્યકશ્રાના મહોત્સવના રાષ્ટ્રીય અવસરે આગામી ૧૫મી ઓગસ્ટ ૨૦૧૪ના રોજ પાટણમાં ધ્વજવંદન કરાવશે અને જનતા જનાર્દનનું અભિવાદન કરી દેશભક્તિ સાથે રાષ્ટ્ર માટે કર્તવ્યભાવનો પ્રેરક સંદેશો આપશે.

### મુખ્યમંત્રી ૧૪-૧૫ ઓગસ્ટે ઉજવણીમાં ભાગ લેશે : સ્વાતંત્ર્ય પર્વની પૂર્વસંધ્યાએ યોજાશે પાટણની પ્રભુતાનો સાંસ્કૃતિક સમારોહ

ગુજરાત સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રી નિતીન પટેલ અને નાણાં મંત્રી સૌરભ પટેલ ૬૮માં આઝાદી પર્વનો રાજ્યકક્ષાનો મહોત્સવ આ વર્ષે પાટણ જિલ્લામાં જનભાગીદારીથી વિકાસના મહાપર્વ તરીકે ઉજવાઈ રહ્યો છે તેની વિગતવાર રૂપરેખા આપી હતી. તેમણે જણાવ્યું કે સમગ્ર પાટણ જિલ્લામાં વાસ્તવમાં તા. ૧ ઓગસ્ટ ૨૦૧૪ થી જ જનહિતના વિકાસકામોના વિવિધ લોકાર્પણ, શિલાન્યાસના શ્રેણીના મંત્રીઓના હસ્તે કાર્યક્રમો સંપન્ન થઈ રહ્યા છે.

પ્રવક્તા મંત્રીઓએ જણાવ્યું કે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સ્વાતંત્ર્ય દિવસની પૂર્વસંધ્યાએ ૧૪મી ઓગસ્ટના રોજ સવારથી જ આઝાદી પર્વની જનઉજવણીના અદમ્ય ઉત્સાહમાં જનતા જનાર્દન સાથે સહભાગી બનશે. સ્વાતંત્ર્ય પર્વની પર્વ સંધ્યાએ જિલ્લામથક પાટણમાં પાટણની પ્રભુતાના ઐતિહાસિક સાંસ્કૃતિક સમારોહની પ્રસ્તુતિ સાથે મુખ્યમંત્રી વિવિધ ક્ષેત્રે યોગદાન અપનારા જિલ્લાના વ્યક્તિ વિશેષોનું અભિવાદન કરશે. રાજ્ય સરકારના મંત્રીમંડળના મંત્રીઓ, રાજ્યમંત્રીઓ અને વિવિધ બોર્ડ નિગમોના અધ્યક્ષો અને પદાધિકારીઓ દ્વારા સમગ્ર જિલ્લામાં મળીને એકંદરે રૂા. ૫૭૮ કરોડના ખર્ચ સાથે ૧૬૬૪ લોકાર્પણ અને રૂા. ૨૨૭ રકોડના ૧૯૭ ખાતમુર્હુતના તેમજ રૂા. ૬૨ કરોડના નવા ૨૬ કામોની જાહેરાત સાથે કુલ ૮૬૫ કરોડના કુલ ૧૮૮૭ વિવિધ

● અનુસંધાન પાન-૭ પર

## NEWS બિટ્સ

### ● એક કરોડની માળા પહેરશે ગણપતિ બાપ્પા

અણમોલ અલંકારોથી સંમોહન જગાવતા



ગણપતિબાપાને આ વર્ષે સુંદર વૈભવી શ્રૃંગાર કરાશે. મુંબઈના સૌથી ધનિક ગૌડ સારસ્વત બ્રાહ્મણ મંડળના ગણપતિને એક ભક્તે તેમના પત્નિના ૬૦મા જન્મદિનની ખુશાલીમાં એક કરોડની વૈંજતિમાલા ચઢાવવાનો નિર્ણય કર્યો છે. હાલમાં કર્ણાટકના એક જ્વેલર્સ આ માળા બનાવી રહ્યા છે. આ વિશેષ માળામાં નાના નાના ગણપતિના ૧૬ સ્વરૂપો મુકવામાં આવ્યા છે.

### ● વોટ્સ એપ સ્કાઈપ એપ્સથી મોબાઈલ કંપનીઓને ખોટ

મોબાઈલ-ટેબ્લેટ અને




લેપટોપના ઉપયોગકર્તાઓમાં ઝડપથી લોકપ્રિય બનેલી એપ્લીકેશન વોટ્સએપ તથા ઈન્ટરનેટ-વિડીયો-ચેટીંગની મફત સુવિધા પુરી પાડતા સ્કાઅપ સામે ભારતીય ટેલીકોપ કંપનીઓએ ટ્રાઈ. સમક્ષ વિરોધ નોંધાવ્યો છે. વોટ્સએપ, સ્કાઈપ જેવી સુવિધાઓથી મોબાઈલ કંપનીઓને મેસેજીંગ અને વિડીયો કોલીંગ સેવામાં જંગી ખોટ થઈ રહી છે.

### ● અક્ષય ૫૦૦ મુ લાઈવ સ્ટેજ પર્ફોર્મન્સ કરશે

૯મી ઓગસ્ટે ખિલાડી



અક્ષયકુમાર ૫૦૦ મુ સ્ટેજ પર્ફોર્મન્સ કરશે. અક્ષયનો આ સ્ટેજ લંડન ખાતે યોજાશે. આ સાથે તે પોતાની આગામી ફિલ્મ 'ઈટ્સ એન્ટરટેઈનમેન્ટ'નું પ્રમોશન કરશે. તે કબડ્ડીની ટીમને પણ લોન્ચ કરશે.

### ● ટાગોરની ગીતાંજલિનો 'યુએન'માં ગુંજારવ

પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયું




તેને ૧૦૦ વર્ષ પૂર્ણ થવાની સ્મૃતિ સમારોહ દરમ્યાન સંયુક્ત રાષ્ટ્ર (યુએન)માં ભારતના વિશ્વ વિખ્યાત કવિવર રવિન્દ્રનાથ ટાગોરની અમરકૃતિ 'ગીતાંજલિ'નો ગુંજારવ સંભળાયો હતો. ભારતના રાજદૂતે રવિન્દ્રનાથ ટાગોરની શ્રેષ્ઠ કવિતાનું અહીં પઠન કર્યું હતું.

LED, LCD & Colour TV રીપેરીંગ

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર

ફોન : ૨૩૨૮૭૧૧૫

મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,

મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧




રેવન્યુ તલાટી 1300+ જગ્યાઓ

સંભવિત ઓગસ્ટ-2014

ડેટા ઓપરેટર (વર્ગ-3) 1200+ જગ્યાઓ

લાયકાત : ધોરણ ૧૨ પાસ

ગુજરાત સરકારમાં વર્ગ-3 ની 15000+ થી વધુની ભરતી !

(વર્ગ-3) માટે ખાસ બેચ

માસ્ટર કોર્ષ-2014

(4 માસનો અભ્યાસ ક્રમ)

♦ ગુજરાતી વ્યાકરણ/સાહિત્ય ♦ ગણિત ♦ બુદ્ધિ ચાતુર્ય કસોટી ♦ અંગ્રેજી વ્યાકરણ ♦ સામાન્ય જ્ઞાન ♦ કોમ્પ્યુટર ને લગતા પ્રશ્નો

સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE | 2000 થી 2014 સુધીના તમામ પેપરોનું સોલ્યુશન

દર અઠવાડિયે ટેસ્ટ દ્વારા સફળ પરીક્ષણ

ગાંધીનગર

| | | |
|---|---|---|
| 08.08.2014 | બપોરના 12-45 થી 2-15 | સોમ થી શુક્ર |
| 22.08.2014 | બપોરના 4-15 થી 5-45 | સોમ થી શુક્ર |
| 05.09.2014 | સવારના 8-45 થી 11-45 | શનિ / રવિ |
| 19.09.2014 | બપોરના 12-00 થી 3-00 | શનિ / રવિ |

મહેસાણા

| બેચ શરૂ તા. | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 09.08.2014 | બપોરના 12-15 થી 1-45 | રવિ થી ગુરૂ |
| 28.08.2014 | બપોરના 2-00 થી 3-30 | રવિ થી ગુરૂ |

ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)

1994થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...

TCCI EDUCATION PVT. LTD.

ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (સવારના 9.30 થી 5.00 સુધી)

પ્રથમ માળ, સિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી) મહેસાણા 9537614607

પેથાપુરમાં એડમિશન માટે ગાંધીનગર શાખામાં મળવું.